॥ सा विद्या या विमुक्त ये ॥

# શારદ

વર્ષ ૫ | ઓકટોબર ૧૯૮૪ | અંક : ૪

# વાલીઓને,

## નાહક અને નિરર્થક હિંસા

હાયર સેકન્ડરીનું માળખું આવતાં જે નુકશાન વિદ્યાર્થીઓને થયું છે. તેના કરતાં ઘણું વધારે દેડકાઓને થયું. અભ્યાસક્રમનું ધોરણ ઘણું ઊચું કર્યું છે તે દર્શાવવાના ભ્રામક પ્રયત્નને કારણે અથવા અન્ય કારણસર દેડકાના શરીરની બધી જ 'સીસ્ટમ' અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવી છે. અને પરિણામે સહેજે એક વિદ્યાર્થી દીઠ પચીસ–ત્રીસ દેડકા મરે છે. વીનાકારણ, હું વીનાકારણ, શબ્દ જવાબદારીપૂર્વક વાપરું છું કારણ કે જીવવિજ્ઞાનના યુનિવર્સિટીના મારા અધ્યાપકમિત્રો તેમજ ડોકટર મિત્રોનો મેં અભિપ્રાય જાણવા પ્રયત્ન કર્યો છે અને તેમનું પણ માનવું છે કે દેડકાના વિચ્છેદનનું પ્રાવિણ્ય, તેમાં ભવિષ્યના સારા ડોકટર બનવાની એંધાણી નથી.

હાયર સેકન્ડરી શાળાઓ નાના ગામો સુધી છે, જ્યાં દેડકાની પ્રાપ્યતા એક મોટો પ્રશ્ન છે. ટ્રાન્સપોર્ટેશનમાં અનેક દેડકાં શહીદીને વરે છે અને તેમનાં આ બલિદાન છતાં હાયર સેકન્ડરીના અભ્યાસક્રમથી શિક્ષણનું સ્તર ઊંચુ આવ્યું હોય તેમ માનવા મન ના પાડે છે.

આ સંહારલીલા બે ત્રણ કારણોસર વ્યાપક બની છે. તેનો વેપાર કરનારના આર્થિક હિતો આ સાથે સંકળાયેલા છે. બીજુ શિક્ષણનો વ્યાપ વધતાં શાળાઓની સંખ્યા પણ વધી છે. અને આજ સુધી મેડિકલમાં જનાર વિદ્યાર્થીઓ જ જીવવિજ્ઞાન લેતા અને એન્જિનિયરીંગમાં જનાર ગણિત લેતા એટલે નવા આયોજનમાં એન્જિનિયરીંગમાં જનારને પણ દેડકાનું વિચ્છેદન ફરજિયાત છે.

એક બાજુથી શાળાઓની અંદર પર્યાવરણનાં સર્વ જીવોનાં જીવવાના અધિકારનું મહત્વ સમજાવવાનું આયોજન હોય અને સરકારી નીતિ મૂજબ તેને અગત્ય આપવામાં આવી હોય ત્યારે પર્યાવરણની સાચવણીના પાયામાં ઘા થતો હોય તેવી લાગણી પેદા થાય છે.

સૌ વાલીઓને આ નીતિનો વિરોધ સરકાર સમક્ષ કરવા મારી નમ્ર અપીલ છે.

દિનુભાઈના વંદન

## હિંગોલગઢનો પ્રવાસ

પ્રવાસ એટલે મારે માટે અનેરા આનંદની વાત. મનાલીના પ્રવાસની અસર હજી મગજમાંથી ગઈ ન હતી ત્યાં તો હિંગોલગઢનાં પ્રવાસની વાત મારા ધ્યાન પર પડી ને મારું મન કાબૂમાં ન રહ્યું, હું હિંગોલગઢનાં પ્રવાસમાં જોડાયો ને એ દિવસની રાહ જોવા લાગ્યો પ્રવાસ માટે મારું મન થનગની રહ્યું હતું.

સોળમી ઓગષ્ટને બપોરના બરાબર બાર વાગે અમારો સત્તાણુ જણાનો કાફલો બે બસોમાં હિંગોલગઢ જવા ઊપડયો અમારો આનંદ માતો ન હતો. અમે સાંજે સાડા છ વાગે હિંગોલગઢ પહોંચ્યા.

આ પ્રવાસ ખાસ તો સૃષ્ટિ સૌંદર્ય માણવા માટે જ યોજાયો હતો અને સાચે જ ઇશ્વરે ત્યાં સૃષ્ટિ સૌંદર્યની છૂટે હાથે લ્હાણી કરી હતી તેમ અમને લાગ્યું. બીજા દિવસની સવારથી અમે ફરવા નીકળી પડયા ત્યાં નાગ/નીલગાય, સુંદર રંગબેરંગી પક્ષીઓ જોયાં ને મને થયુ. શું આવુ કદી ય શહેરમાં જોવા મળે ખરૂં ? પછી અમે હિંગોલગઢનો ચારસો વર્ષ પુરાણો મહેલ જોયો એક હજાર ફીટની ઉંચાઇએ આવેલા આ મહેલમાં અમે ચિત્રોનું પ્રદર્શન જોયું બીજે દિવસે સવારે અમે અમારા તંબુ શોધવા નીકળ્યા, કારણ અમારે સૌએ જાતેજ તંબુ શોધી લેવાનાં હતા. મેં મારે માટે તંબુ શોધી કાઢયો બપોરે થોડે દુર આવેલા તળાવમાં અમે નહાવા ગયાં, નદી પર બંધ બાંધીને આ તળાવ બાંધવામાં આવ્યું છે, ને તેમાં નહાતા મને સમજાયું કે બાથરૂમમાં નહાવા કરતાં આ કુદરતના ખોળે નહાવામાં કેટલી મજા રહેલી છે. જો કે તળાવમાં ખૂબ પથરા હોવાને કારણે મારા પગની ચામડી કપાઈ ગઇ, છતાં એ મઝા અનેરી હતી.

રાતના અમે ટ્રેકીંગ કરવા નીકળ્યાં ટ્રેકીંગનો મારો આ પ્રથમ અનુભવ હતો. અમે કુલ વીસ જણાં ફરવા નીકળ્યાં હતાં અને રસ્તામાં સાપ, વીંછી, રૂપેરી કાન ખજુરો ને જાતજાતનાં જીવજંતુ જોયાં ને સાથે સાથે એ વનમાં ભૂલાં પણ પડી ગયાં હતાશ થયેલા અમે એક કલાક થાક ખાવા

(અનુસંધાન પાન ૨ ઉપર)

## જવાબદારીની જાગૃતિ

નિમિતા આજે શાળાએથી પાછી ફરી ત્યારે ખૂબ ઉદાસ હતી. દૂધ તો માંડ પીધું, પરંતુ નાસ્તો કરવાની તેણે ના કહી. મમ્મીએ પૂછ્યું, "કેમ બેટા તબીયત સારી નથી? ભૂખ નથી લાગી?" ને નિમિતા એકદમ રડી પડી. "શું થયું? શિક્ષકે કંઇ કહ્યું? બહેનપણી સાથે કંઇ થયું?" પણ નિમિતા તો રડયે જ જતી હતી. માંડ માંડ થોડી વારે તે શાંત પડી ને તેણે કહ્યું, " મમ્મી. મને ગરબામાં પસંદ ન કરી" અને મમ્મીએ કહ્યું, "હું કાલે જરૂર નિશાળે કહેવા આવીશ. તને ગરબામાં ન લે તે કેમ ચાલે? તને આટલું મન હોય ને તું ન રહી શકે તે કેમ ચાલે?"

ને બીજે દિવસે સ્મીતાબેન શાળામાં આવ્યાં. શાળામાં આવતાં જ તેમણે નિમિતાનાં ગૃહનેતાની તપાસ કરી ને તેને વાત કરી, "તમારે નિમિતાને ગરબામાં લેવી જ પડશે તેને ગરબો કરવો ઘણો ગમે છે" પણ બેન, અમે તેને ગરબો કરાવી જોયો, તેને ગરબો કરતાં નથી ફાવતો, બધી જ બેનોને અમે ગરબો કરાવીએ છીએ ને તેમાંથી જે સારી રીતે ગરબો કરી શકે તેને જ અમે પસંદ કરીએ છીએ, કારણ આ તો અમારી આંતરગૃહની હરિફાઈ છે" "એ હું કંઇ ન જાણું તમારે નિમિતાને લેવી જ પડશે" ને ગૃહનેતાએ તેનાં સાથીદાર તરફ મૂંઝવણભરી નજરે જોયું, ત્યાં તો સ્મીતાબેન બોલ્યાં, "અને તેમ નહી કરો તો તમને ગૃહનેતા તરીકે દૂર કરાવીશ, દિનુભાઇને વાત કરીશ "ને એ ગૃહનેતાની મૂંઝવણ વધી ગઈ.

આ હકીકત એક વ્યક્તિની નથી, અનેક વ્યકિતની છે, અને એટલે જ આ અંગે અમારી નીતિની થોડી ચોખવટ થાય તો વાલી અને અમારા બંને માટે વધુ હિતાવહ છે.

ગુજરાતી કન્યાને ગરબો ગળથૂથીમાંથી મળે છે. તેમ કહું તો અતિશયોકિત નહીં લાગે છતાં ગરબે ઘૂમવું ગમે અને ગરબે ઘૂમતાં આવડે, તેની આંતરસૂઝ હોય તે જુદી હકીકત છે. ગરબે ઘૂમવું બધાંને ગમે અને સામાન્ય પ્રસંગે એમાં સૌ કોઈ ભાગ લઇ શકે પરંતુ આંતરગૃહની સ્પર્ધા હોય ત્યારે! ત્યારે દરેક આંતરગૃહનાં નેતાને ફકત એક જ લગની હોય કે તેનો ગરબો કેવી રીતે સારામાં સારો થાય ને એટલે જ એ તે માટે વીણીવીણીને છોકરીઓ પસંદ કરે તે સ્વાભાવિક છે, ને તેમાં પણ તે પસંદગી કરતી વેળા એના ગૃહની એ તાદ્દાત્મ્યતા એટલી તો વધી જાય છે કે બેનપણી શું કે બહેન શું, ગરબે લાલિત્યભરી રીતે ઘૂમી શકે તેવી વ્યકિતને જ તે પસંદ કરવાની. કારણ તેને તેનાં ગરબાને શ્રેષ્ઠતા અપાવવી છે, અને એટલે જ ગરબા માટે છોકરીઓની પસંદગી તેને માટે એક કપરૂં કામ બની રહે છે.

અમારી દ્રષ્ટિએ આ પરિસ્થિતિનું એક શૈક્ષણિક મૂલ્ય છે. નેતાગીરીની તાલીમ માટેની સુંદર ભૂમિકા બાળકને મળે છે. અંગત સંબંધો, દબાણો વગેરેનો મૂકાબલો કરીને પોતાને સોંપેલી જવાબદારી તે સારામાં સારી રીતે નિભાવી શકે તેવો તેનો પ્રયત્ન હોય છે. આ આખીયે પ્રક્રિયામાં અમારી ડખલ ન હોય તે જોવાનો અમારો પ્રયત્ન હોય છે. આપનો સહકાર પણ તેમાં આજ સુધી મળ્યો છે, અને તેનો અમને સંતોષ છે.

ઉર્મિલા શાહ

---

## શિસ્ત

શિસ્ત વગરનું જીવન અંકુશ વગરના ગજારજ જેવું, અગર બ્રેક વગરના વાહન જેવું છે. શિસ્ત દરેકના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. શિસ્ત કયાં પાળવી પડતી નથી? ઘરમાં, શાળામાં; થીએટરમાં, જાહેર કાર્યક્રમોમાં– આમ સર્વત્ર શિસ્ત પાળવી પડે છે.

ગેરશિસ્ત આચરનાર સર્વનું ધ્યાન ખેંચે છે. દરેકની નજરમાંથી તે ઉતરી પડે છે, અને કયાંક અપમાનિત પણ થાય છે શિસ્ત બે પ્રકારની હોય છે. (૧) ફરજિયાત (૨) મરજીયાત મીલીટરી શિસ્ત ફરજિયાત ગણાય અને જીવનના દરેક ક્ષેત્રમાં દર્શાવેલી શિસ્ત મરજીયાત ગણાય.

ચાર રસ્તા ઉપર પોલીસ ઉભો હોય તો દરેક વાહન ચલાવનાર નિયમોનું પાલન કરશે પરંતુ પોલીસ અનુપસ્થિત હોય છતાં વાહન નિયમાનુસાર ચલાવે તે શિસ્તબદ્ધ વ્યક્તિ કહેવાય. શાળામાં વિદ્યાર્થીઓએ આટલું જ સાચવવાનું છે કે (૧) શિક્ષકના અધ્યાપન કાર્ય સમયે વર્ગમાં ધ્યાન આપી શાંતિ જાળવવી. (૨) શાળાએ સમયસર આવવું. (૩) રિસેસ પૂરી થતાં સમયસર વર્ગમાં જવું. (૪) શાળાનો ગણવેશ પહેરવો. (૫) શિક્ષકો પ્રત્યે સ્નેહ અને આદરભાવ રાખવો. (૬) અભ્યાસ કે રમતગમતમાં શ્રદ્ધાથી પરિશ્રમ કરવો. (૭) જે કોઇ દેવમાં શ્રદ્ધા હોય તેની નિત્ય પ્રાર્થના કરવી. (૮) ઘરમાં માતાપિતા કે અન્ય વડીલોનું કહ્યુ માનવું, તેઓને યોગ્ય માન આપવું.

જો આટલું આચરણમાં મૂકાય તો પોતાનું અને રાષ્ટ્રનું કલ્યાણ થશે અને સર્વત્ર માનવતાની મહેંક પ્રસરશે. અંગ્રેજીમાં સાચું કહેવાયું છે કે–

Life without discipline is just like a flower without frangrance

દેવેન્દ્રભાઈ ઠાકર

---

અનુ. પાન ૧નું ચાલુ

બેઠા ને ફરી પાછાં આગળ વધતાં માંડ માંડ સવારે પોણા પાંચ વાગે અમારા તંબુ પર પહોંચ્યા ત્યારે જ જાણે અમારા જીવમાં જીવ આવ્યો.

બીજે દિવસે ફરી સવારનાં હું ફરવા નીકળી પડયો ને ત્યારે મને નીલ ગાયોનું ટોળું જોવા મળ્યું.

આ પ્રવાસથી મને ઘણું જાણવાનું મળ્યું મારી સાહસવૃત્તિ પણ કેળવાઈ, ને સાથે સાથે એટલો તો આનંદ મળ્યો કે એ આનંદને હું કદી ભૂલી શકું તેમ નથી.

નીરજ પ્રદીપભાઈ શોધન ૫ अ

## શારદામંદિરની ષષ્ઠીપૂર્તિ પ્રસંગે

શાળાને ૬૦ વર્ષ પૂરા થયા તેની ઊજવણી અંગે થોડું ગયા "શારદ"માં જણાવ્યું છે તે અંગે જે વિગતો વિચારી છે તે અંગે થોડું જણાવીએ.

તા. ૧૪મી ડિસેમ્બરને શુક્રવારે સવારે આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરવા વિચાર્યું છે. આ નિમિતે એક આનંદમેળો યોજવાનું નક્કી કર્યું છે. જેનો સમય સાંજનાં ૫ વાગ્યાથી રહેશે તા. ૧૪મીએ સાંજના સાડા આઠ વાગે પસંદગી પામેલાં ગરબા, સમૂહગાન વિગેરેનો એક કાર્યક્રમ વિદ્યાર્થીઓ રજૂ કરશે. તા. ૧૫મી એ રાતે સાડા આઠ વાગે વિદ્યાર્થીઓને અનુલક્ષીને એકાદ નાટિકાનું આયોજન વિચાર્યું છે તા. ૧૬મી એ સાંજે સમૂહભોજન તથા ત્યારબાદ એકાદ સારા કલાકારનો સંગીતનો કાર્યક્રમ ગોઠવવા વિચાર્યું છે. આ ઉપરાંત એક સ્મૃતિગ્રંથ પ્રગટ કરવા પણ વિચાર્યુ છે. જેમાં સંસ્થા સાથે સંકળાયેલા સૌ શુભેચ્છકોના સંભારણા સમાવવા વિચાર્યું છે. આ ઉપરાંત એક વૈજ્ઞાનિક પ્રદર્શન અને હસ્તકલાનું પ્રદર્શન પણ યોજવા વિચાર્યું છે. આ અંગેની વધુ વિગતો હજી તૈયાર થઈ રહી છે. પરંતુ આ સાથે આપ સૌને એટલું જણાવવાની તક લઉં કે આપ આ ઉજવણીમાં જ્યાં કંઇ, જે કંઇ રીતે રસ લઈ શકો તેમ હો તે માટે અમને માહિતગાર કરશો તો ખૂબ અનુકુળતા રહેશે. અમે ઇચ્છીએ છીએ આપ સૌનો સહકાર

## જેસલમેર (રાજસ્થાન) પ્રવાસ

શ્રેણી ૬ અને ૭ના વિદ્યાર્થીઓનો એક સુંદર પ્રવાસ યોજાયો. તા. ૨૯ સપ્ટેમ્બરથી તા. ૭મી ઓકટોબર ૧૯૮૪ વચ્ચે આવતી છ સાત રજાઓનો ઉપયોગ કરી આ નવ દિવસમાં પ્રવાસનું આયોજન જેસલમેરને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યું હતું. પરંતુ માર્ગમાં આવતા ધાર્મિક, ઐતિહાસિક સ્થળો જોવાની સુંદર તક પ્રવાસીઓને પ્રાપ્ત થઇ.

સંપૂર્ણપણે આયોજનપૂર્વક સ્થળોની મુલાકાત લઈ શકાઇ એટલું જ નહી પણ જેસલમેરના ત્રણ દિવસો તો તેમના જીવનનું એક સંભારણું બની જશે બાળકોને અનુકૂળ અને આનંદ પડે તેવી રસોઇ, જેમાં દશેરાના દિવસે દૂધપાક અને જલેબીનો સમાવેશ થાય છે, તેથી પ્રવાસ ખૂબ જ આનંદથી બાળકોએ માણ્યો. જેસલમેરના મકાનોની ભવ્ય કોતરણી રણ પ્રદેશનું સૌંદર્ય, હરણોનાં ટોળાં અને છેલ્લે દિવસે 'સેન્ડ ડ્યુન્સ'–રેતીના ઢગલાઓમાં આળોટીને બાળકોએ જે આનંદ મેળવ્યો તે અમને સૌને પણ હંમેશા યાદ રહેશે. આ પ્રવાસમાં રમેશભાઈ કાંતિલાલ તથા મેસર્સ પ્રેમચંદ ડાહ્યાભાઈ એન સન્સ તરફથી માર્ગદર્શન અને સહકાર મળ્યાં છે. તે બદલ આભારની લાગણી વ્યક્ત કરૂ છું.

## બાળમંદિરનો ઉત્સવ

શારદામંદિરે તેની કળાના સંસ્કાર ખરેખર જાળવી રાખ્યાં છે. તેનો તેની ૬૦ વર્ષની પ્રવૃત્તિઓના એક સાક્ષી તરીકે આનંદ અનુભવું છું. બાળકૃષ્ણની જીવનલીલાનું રૂપક અને બાળકીઓ અને કિશોરીઓના ગરબા, બાળકલાકારોનાં સંવાદી, લયકારી, અભિનય શબ્દ સુર તથા ગતિનો સંગમ બાળકોની સુષુપ્ત છતાં ય સર્જક કળાશક્તિને અભિવ્યકત કરવાની શિક્ષકો અને સંચાલકોની સૂઝ, ભવિષ્યમાં કલાકારોનાં નિર્માણનો સંકેત કરે છે. આવતી કાલનાં આ કલાકારો એ અપેક્ષા પૂરી કરશે જ તેવી શ્રદ્ધા છે.

નિરૂભાઇ દેસાઇ

**શારદામંદિરનાં વિદ્યાર્થીઓ નિક્ષિપ્ત અને તેજસ રાવલે અવકાશયાત્રા હસ્ત લિખિત અંક બનાવ્યો તે પ્રસંગે અવકાશયાત્રી શ્રી રાકેશ શર્મા અને સાથીદાર શ્રી રવિશ મલ્હોત્રાએ શારદામંદિરને પાઠવેલી શુભેચ્છા........**

We wish the students and staff of Sharda Mandir success in all their endeavours. May each one of them reach new heights and bring glory not only to themselves but also to the country as a whole!

18 Sep 84.

18 Sep 84.

# સંસ્થાકીય સમાચાર

## અભિનંદન

તા. ૨૫–૯–૮૪નાં રોજ અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ શાખા તરફથી ટાઉનહોલ ખાતે યોજાયેલ ગરબા સ્પર્ધામાં આપણી શાળાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી લેડી વિદ્યાગૌરી નિલકંઠ ટ્રોફી મેળવી તે બદલ સૌ કલાકાર બેનોને અભિનંદન.



તા. ૨૯–૯–૮૪નાં રોજ શ્રી મિલન-નેપથ્ય આયોજીત ગરબા સ્પર્ધામાં આપણી શાળાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી વિજયપદ્મ મેળવ્યું તે માટે ભાગ લેનાર સૌ બહેનોને અભિનંદન આ બહેનોને તૈયાર કરવામાં આપણી ભૂતપૂર્વ વિદ્યાર્થીની બેન દિપાલી વસાએ સારી જહેમત ઉઠાવી હતી

જુનિયર ચેમ્બર્સ તરફથી યોજાએલ વકૃત્વ સ્પર્ધામાં ધોરણ ૧૦ કના ભાઈ જવલંત ઝાલાએ પ્રથમ ઇનામ મેળવી શિલ્ડ પ્રાપ્ત કર્યું તે માટે તેમને હાર્દિક અભિનંદન.

## મુલાકાત

તા. ૧૯–૯–૮૪નાં રોજ ગુજરાતનાં જાણીતા અમ્પાયર શ્રીહર્ષદભાઈ વ્યાસે ધોરણ–૮ અને ૯ના વિદ્યાર્થીઓ સમક્ષ ક્રિકેટનાં પ્રસંગોને અનુલક્ષીને પ્રવચન આપ્યુ જે ઘણું માહિતી સભર નીવડયું.

તા. ૨૬–૯–૮૪ના રોજ શ્રી કાર્તિકેયભાઈ એસ. શોધને ધોરણ ૧૦ અને ૧૧ના વિદ્યાર્થીઓ સમક્ષ તેમની અમેરિકાની મુલાકાત અને વર્લ્ડ ઓલમ્પિક વિશે સુંદર વકતવ્ય રજુ કર્યું. જે વિદ્યાર્થીઓ માટે ઘણું જ રસપ્રદ નીવડયું.

## ક્રિકેટ સમાચાર

તા. ૨૨–૯–૮૪નાં રોજ આપણી શાળા હિલ ચેલેન્જ ક્રિકેટ શિલ્ડની ફાઇનલ મેચમાં જી. એલ. એસની ટીમ સામે વિજયી થઈ હતી શારદામંદિર ૨૯૦ રન જી. એલ. એસ ૧૨૩ રન.

તદુપરાંત અમદાવાદ શહેરમાં શારદામંદિર ચેમ્પિયન બન્યું અને નીચે પ્રમાણે ઇનામો મેળવ્યાં છે. બેટીંગ, બોલીંગ અને વિકેટ કીપરનાં ઈનામો.

ભૂજ મુકામે આપણી શાળાની ક્રિકેટ ટીમ હિલ ચેલેન્જ શિલ્ડની સેમી ફાઈનલ/ફાઈનલમાં કલોલ ટીમ સામે વિજયી બની.

પ્રથમ મેચ સેમી. ફાઇનલ કલોલ ટીમ સામે અને અને ત્યારબાદ પાલનપુર સામે જીત થઇ.

બેસ્ટ બોલર, બેસ્ટ ફીલ્ડીંગ અને ઓલ રાઉન્ડરના ઇનામો આપણી શાળાને મળ્યાં.

## બાલમંદિર

તા. ૨૮મી સપ્ટેમ્બરે બાલમંદિરનો એક સુંદર મનોરંજન કાર્યક્રમ ટાગોર હોલમાં યોજાયો જેમાં બધી જ કક્ષાનાં બાળકોએ સુંદર ગરબા રજુ કર્યા જે ચાલીઓમાં ખૂબ પ્રશંસા પામ્યાં આ સાથે તાલીમની ટુકડીનાં બાળકોએ કૃષ્ણજીવનનાં જુદા જુદા પ્રસંગો એટલાં ભાવવાહી રીતે રજુ કર્યા કે દરેક બાળકનાં હૃદયમાં કૃષ્ણચરિત્રની એક સુંદર છાપ અંકિત થઇ જાય આ પ્રસંગોમાં કૃષ્ણ જન્મમહોત્સવ રાસલીલા, ગોવર્ધન પૂજા, કાળીનાગનું દશ્ય, માખણચોર કૃષ્ણકનૈયાનું દશ્ય વિગેરેની રજુઆત ખૂબ સરસ રીતે થઇ.

Men are Cruel but man is Kind

**મેસર્સ પ્રેમચંદ ડાહ્યાભાઇ શાહના** સૌજન્યથી....

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે. આચાર્ય અને નિયામક, શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ–૩૮૦ ૦૦૭. ટે. નં. ૪૧૨૭૮૮.